ગાંધીનગર સમાચાર

# દિવાળી પર્વોમાં ઓનલાઈન શોપીંગથી મોલમાં ઘટતી ઘરાકી

**વિશાળ જગ્યામાં બનાવાયેલા મોલના વેપારીઓ દિવાળીની ઘરાકી ખુલવાની રાહ જુએ છે : ભારે ડિસ્કાઉન્ટ અને ખરીદીના વધુ વિકલ્પોના કારણે ઓનલાઈન બિઝનેસમાં થતો વધારો**

ગાંધીનગર, તા. ૧

અમદાવાદ જેવા મોટા શહેરોમાં લાખો ચોરસ ફૂટમાં ઉભા થયેલા આલીશાન મોલ આ વર્ષે દિવાળી નજીક આવવા છતાં ખાલીખમ લાગી રહ્યા છે. મોલ કલ્ચર પર ઓનલાઈન શોપીંગ કલ્ચર ભારે પડી રહ્યું હોય તેમ ઓનલાઈન શોપીંગમાં આ વર્ષે ઉછાળો આવતા બજારોમાં દિવાળીની ખરીદી જોવા મળતી નથી.

બે-ચાર વર્ષ અગાઉ મોલ કલ્ચરમાં જબરજસ્ત તેજી જોવા મળી હતી. કોસ્મો પોલીટન શહેરની સાથે નાના ટાઉનમાં નાના-મોટા મોલ ધમધમવા માંડ્યા હતા. મોકાની જગ્યાએ લાખો ચોરસ ફૂટની જગ્યામાં શરૂ થયેલા શોપીંગ મોલ ભારે ચમકદમકના કારણે અને ગ્રાહકોને અપાતા ડિસ્કાઉન્ટના કારણે ગ્રાહકોને મોટી સંખ્યામાં આકર્ષવામાં સફળ રહ્યા હતા. દિવાળી જેવા તહેવારો દરમ્યાન તો આ શોપીંગ મોલમાં ઉભા રહેવાની પણ જગ્યા ન મળે તેવો માહોલ જોવા મળતો હતો. નાની દુકાનોનો વેપાર શોપીંગ મોલના કારણે પડી ભાગ્યો હતો. જો કે હવે આ મોલ કલ્ચર પર ભારે પડે તેવું શોપીંગનું નવુ ડેસ્ટીનેશન ગ્રાહકો માટે ઉપલબ્ધ બન્યું છે. ઓનલાઈન શોપીંગનો ચસ્કો મોલ કલ્ચરને આંબી રહ્યો છે.

ઔદ્યોગિક સંગઠન એસોચેમના નવા સર્વેમાં વ્યક્ત કરવામાં આવેલી આશંકા મુજબ ઓનલાઈન રિટેલ કંપનીઓ દ્વારા આગામી તહેવારો માટે આપવામાં આવતા ભારે ડિસ્કાઉન્ટના કારણે મોલમાં કરોડો રૂપિયાનું રોકાણ કરનાર દુકાનદારોનો ધંધો અડધો થઈ જશે. આર્થિક મંદી, ઓનલાઈન ખરીદી, રોકાણ પાછળના ઉંચા વ્યાજદરો, મોંઘી વસ્તુઓ અને ગ્રાહકોની સંખ્યામાં ભારે ઘટાડો થવાના કારણે મોલમાં આવેલી દુકાનોના ધંધા પર અસર થઈ છે.

ઓનલાઈન શોપીંગમાં હવે ઘણા વિકલ્પો ઉપલબ્ધ બન્યા છે. પસંદગીની વિશાળ તકો, બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ભારે ડિસ્કાઉન્ટમાં પ્રાપ્તિ તથા ખરીદીમાં રહેલી સુગમતાના કારણે ઓનલાઈન વેપાર વધતો જાય છે. તહેવારોની આ મોસમમાં ઓનલાઈન શોપિંગનું વોલ્યુમ રૂ. ૫૫ હજાર કરોડને પાર કરી જાય તેવી શક્યતા છે. નવો ગ્રાહક વર્ગ હવે બજારો-શોપીંગ મોલમાં થતી ભીડથી દૂર ઘરે બેઠા માત્ર એક ક્લીકના સહારે શોપીંગ કરવાનું પસંદ કરતો હોઈ મોલ કલ્ચર પર તેની સીધી અસર જોવા મળી રહી છે. દિવાળી નજીક આવતા ઓનલાઈન શોપીંગથી કરેલ ખરીદીની ચીજવસ્તુઓ ઘર સુધી પહોંચાડવા ડિલિવરી બોયની અવરજવર સેક્ટરોમાં વધતી જોવા મળી રહી છે.

# સ્વર્ણિમ પાર્કમાં કસરતના સાધનો તુટેલી હાલતમાં

**જાળવણી માટે કરોડોનો ખર્ચ તંત્ર બેધ્યાન : બી.એસ.એન.એલ. સામેના પાર્કના કોર્નરમાં સાધનો તુટી ગયા**

ગાંધીનગર તા ૩૧

સે-૧૧ સ્થિત બી એસ એન એલની કચેરીના સામેના ભાગમાં સ્થિત સ્વર્ણિમ પાર્કના ભાગમાં કસરતાના સાધનો તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. સ્વર્ણિમ પાર્કના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ જાળવણીના અભાવે પાર્કમાં નવા સાધનો પણ ઠેકાણે થઈ ગયા છે.

શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓ માટે અનેક આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે.પાર્કમાં હરિયાળી લોન વચાળે વિવિધ પ્લાઝાનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. રાત્રિના સમયે નગરજનો હળવાશની પળો માંણવા પાર્કમાં લટાર મારતા નજરે પડે છે. જયારે શિયાળાની ગુલાબી ઠંડીમાં વહેલી સવારથી જ સ્વર્ણિમ પાર્કમાં મોર્નિંગ વોકર્સની ભીડ જામે છે. અલબત્ત શહેરીજનો માટે સ્વર્ણિમ પાર્ક જોગીંગ ટ્રેક બની ગયો છે હરિયાળી લોનમાં યોગા તેમજ હળવી કસરત અને વોકીંગ સહિતની પ્રવૃતિઓ માટે પાર્ક આર્શીવાદરૂપ બની ગયો છે.ગ-૪ થી ચ-૪ વચ્ચેના રૂટમાં પણ કસરતના સાધનો મુકવામાં આવ્યા છે. જયારે સવારના સમયે મુલાકાતીઓ અહીં હળવી કસરત કરતા નજરે પડે છે. બીજીતરફ સે-૧૧ સ્થિત બી એસ એન એલની કચેરી પાસે પણ સ્વર્ણિમ પાર્કના એક કોર્નરમાં કસરતના સાધનો મુકવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ સાધનો તુટેલી હાલમતામાં જોવા મળી રહયા છે. જેના પરિણામે સેહલાણીઓમાં પણ નારાજગી જોવા મળે છે. જયારે તંત્ર દ્વારા પણ કોઇ દરકાર લેવામાં આવતી નથી. સ્વર્ણિમ પાર્કની જાળવણીનુ કામ પણ જવાબદાર એજન્સીને સોંપવામાં આવ્યુ છે. જયારે પાર્કની જાળવણી માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. ત્યારે પાર્કમાં નિર્માણ કરાયેલી વ્યવસ્થા જળવાય તે માટે તંત્ર દ્વારા પણ દરકાર લેવાય તેવી લાગણી પ્રબળ બની છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# આધારકાર્ડની કામગીરી અંગે મંગળવારે ખાસ સમીક્ષા બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આધારકાર્ડની થયેલી કામગીરીની સમીક્ષા માટે ઉજીને મંગળવારે ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયમાં જિલ્લો છેલ્લા દસમાં આ કામગીરી માટે સ્થાન ધરાવે છે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજવામાં આવનાર આ સમીક્ષા બેઠકમાં સચિવાલયથી શ્રી એ.ડી. પટેલ વિશેષ હાજર રહેનાર છે. કેન્દ્ર સરકારે ૩૧-૧૨-૧૫ સુધીમાં આધારકાર્ડની કામગીરી સંપન્ન કરવા માટે કડક સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં ૮,૦૩,૬૬૭ લોકો જે કુલ વસ્તીના ૮૧ ટકા થાય છે તેમની પાસે આધારકાર્ડની નોંધણી થઈ ચુકી છે.

**જિલ્લામાં ૬૬ ટકા લોકો આધારકાર્ડ ધરાવે છે : ડિસેમ્બર સુધીમાં ૯૦ ટકા લોકોને સાંકળવાની વ્યુહરચના**

૯,૬૯,૮૬૨ વ્યક્તીઓ આધારકાર્ડ ધરાવે છે. જે વસ્તીના આંકને ધ્યાને લેતાં ૬૬ ટકા જેટલી કામગીરી થઈ છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર ૧૮ વર્ષથી ઉપરની આયુ ધરાવતા જિલ્લામાં ૫ થી ૧૭ વર્ષની વયમાં નબળી કામગીરી થઈ છે. ૧,૬૩,૮૭૦ પાસે જ આધારકાર્ડ છે. જિલ્લામાં આંગણવાડી, પ્રા. શાળા, મા. શાળા તેમજ કોલેજ

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર-પૂર્વીય પવનોના કારણે શહેરમાં ઠંડુ વાતાવરણ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં છેલ્લા એક-બે દિવસોથી રાત્રી દરમ્યાન ઠંડો પવન વહેતા વાતાવરણ એકદમ ઠંડુ થઈ જાય છે. જેની અસર વહેલી સવારે સૂર્યોદય સુધી રહે છે.

વાતાવરણમાં ધીમે ધીમે પલ્ટો આવવાનો શરૂ થયો છે. રાત્રી દરમ્યાન લઘુત્તમ તાપમાન ઘટતા ઠંડી વધી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર-પૂર્વીય પવનોના સપાટાના કારણે ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં રાત્રી દરમ્યાન વાતાવરણ એકદમ ઠંડુ થઈ જાય છે. પાંચથી સાત કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા શિયાળાની મોસમનો અનુભવ થાય છે.

ઠંડા પવનોના કારણે અને દિવસ વહેલો આથમી જતા રાત્રી દરમ્યાન માર્ગો પર થતી અવરજવર એકદમ ઘટી ગઈ છે. બજારો વહેલા બંધ થઈ જાય છે. વાહનોની અવરજવર પણ ઓછી જોવા મળે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

**લાઈટ એન્ડ સાઉન્ડ શો** - સ્વર્ણિમ પાર્કમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના રેપ્લિકાના સ્થાપનના પગલે સરદાર પટેલના જીવનકવનને આવરી લેતો લાઈટ એન્ડ સાઉન્ડ શૉ આરંભાયો છે... ૪૫ મિનિટના શૉમાં સરદાર સાહેબની જીવનકથા આવરી લેવાઈ છે... સાત દિવસ ચાલનારા આ શૉને કાયમી સ્વરૂપ આપવાની પણ વિચારણા ઉચ્ચકક્ષાએ ચાલી રહી છે... ગાંધીનગરના આકર્ષણોમાં વધુ એક પીંછુ ઉમેરાયું... હરવા-ફરવાની સાથે દેશભક્તિ અને વ્યક્તિ નિર્માણના પાસાઓની અભિવ્યક્તિ પણ નિહાળવા મળશે....

# શહેરની બે સરકારી માધ્યમિક શાળાઓ બીજા સત્રથી મર્જ કરી દેવાશે

**શહેરની બે સરકારી માધ્યમિક શાળાઓ બીજા સત્રથી મર્જ કરી દેવાશે**

ગાંધીનગર તા ૧

શહેરની બે સરકારી માધ્યમિક શાળાને મર્જ કરી દેવાનો નિર્ણય લેવાયો છે. સે-૨૭ માધ્યમિક શાળા તેમજ સે-૨૨ માધ્યમિક શાળાને મર્જ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ બન્ને શાળાઓને સે-૧૬ની માધ્યમિક શાળામાં મર્જ કરવામાં આવશે. બન્ને શાળામાં કુલ ૩૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે.બીજા શૈક્ષણિક સત્રથી શાળાઓને મર્જ કરી દેવાશે.

પાટનગરમાં શિક્ષણ ક્ષેત્રે દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. અલબત્ત બોર્ડની પરિક્ષાના છેલ્લા કેટલાક વર્ષોના પરિણામના અંતે શહેરની સરકારી શાળાઓમાં શિક્ષણનુ સ્તર કથળ્યુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં એકબાજુ પરિણામ સુધારણા માટે શિક્ષણ વિભાગ દ્વારા નવતર અભિગમ અપનાવવા પ્રયાસ થઇ રહયો છે.જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પરિણામમાં સુધાર લાવવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં શાળામાં વધારાના વર્ગો ઉપરાંત શિક્ષકોની કસોટી યોજવામાં આવી હતી. સરકારી શાળાઓમાં સતત ઘટતા પરિણામના લીધે શિક્ષણ તંત્રમાં ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે.

**સે-૨૭ અને સે-૨૨ માધ્યમિક શાળાને સે-૧૬માં મર્જ કરી દેવાશે**

ત્યારે સરકરી શાળાઓમાં શિક્ષકોની ઘટ સહિત માળખાગત સુવિધાઓનો પણ અભાવ વર્તાય છે. ત્યારે ગત વર્ષ દરમિયાન પણ શહેરની સરકારી શાળાઓમાં પરિણામની ટકાવારી નીચી હોવાનુ સ્પષ્ટ થતા શિક્ષણ તંત્રમાં ચિંતા જન્મી છે. બીજીતરફ શહેરની સરકારી શાળાઓ મર્જ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં શહેરની સે-૨૭ મહારાણા પ્રતાપ વિદ્યામંદિર માધ્યમિક શાળા તેમજ સે-૨૨ સરકારી માધ્યમિક શાળાને મર્જ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સે-૨૭ ની શાળામાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જયારે સે-૨૨ માધ્યમિક શાળામાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવે છે. શહેરની સરકારી શાળાઓમાં આમપણ શિક્ષકોની ઘટ સાથે માળખાગત સુવિધાઓનો અભાવ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે આ શાળાઓ મર્જ કરવાના નિર્ણયથી વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણની સાથે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થશે તેમ પણ મનાઇ રહયુ છે. જયારે સેકટરના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે દુર જવુ પડશે તેવો પણ ગણગણાટ પ્રવર્તયો છે. બીજા શૈક્ષણિક સત્રથી આ શાળાઓને મર્જ કરી દેવામાં આવશે.


યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા સંચાલિત

**યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર**

ગુજરાત સુતરાઉ ખાદી - ૨૫% વળતર
ગુજરાત પોલીવસ્ત્ર ખાદી - ૨૫% વળતર
ગરમ ખાદી - ૨૦% વળતર
રેશમ ખાદી - ૨૦% વળતર

અમારે ત્યાં સુતરાઉ, પોલી, ગરમ અને રેશમ શાદી તેમજ આસન, શેત્રંજી, બેડશીટ, આસનપટ્ટા, લેંઘા, ઝભ્ભા, શર્ટ વિગેરે અવનવી ડિઝાઈનમાં મળશે. ઓફીસ, હોસ્ટેલ, ઘર ઉપયોગી ફર્નિચર મળશે.

અમારી સંસ્થા સરકારના નિયમ મુજબ વિના ટેન્ડર માન્ય છે.

સમય : ૧૦ થી ૭ સાંજના
સ્થળ : ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સ્કાયવ્યુ શોપીંગ સેન્ટર, ગાંધીનગર

ધર્મેન્દ્ર યોગી, મંત્રી | ઉષાબેન કે. ત્રિવેદી, પ્રમુખ | જસવંત સી. યોગી, વ્યવસ્થાપક

ફોન : 079-23224370 (C), 02774-244355 (HO)



ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અમી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com